શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પરનો મેમો બોગસ નીકળતાં ખળભળાટ

શામળાજી, તા. ૨

અમદાવાદના એક વેપારીને ચાલકે અમદાવાદની ટ્રાન્સપોર્ટ કંપનીને આ મેમો બતાવતા શંકાના


GUJARAT MOTOR VEHICLES DEPARTMENT
RECIEPT
RTO CHECK POST SHAMLAJI
No. : A 02372742
Receipt No.: A02372742
Name / No.: RJ48GA0113
Receipt Date.: 28/07/2017
MV Class : GVW 49000 KG
Sr. No. | Activity | Amount in Rs.
1 | CF OTHER'S | 20,000.00
Total | 20,000.00
Total Rs. Paid by Cash:
Total Rs. in Words : Twenty Thousand Rupees Only
Total Rs. Paid by Card:
Pay Order / Card No.:
Bank / Holder Name :
Pay Order Date :
C.R.N0. 4319065 28/07/2017
D.C.TANDEL
Cashier
ASST. REGIONAL TRANSPORT OFFICE SHAMLAJI
Sign of Authority

ઓવર સાઈઝનો ૨૦ હજારનો મેમો આપવામાં આવ્યો હતો. આ મેમો અંગે જાણકારી મેળવતાં તે બોગસ હોવાનું બહાર આવ્યું હતુ. અમદાવાદની એક ટ્રાન્સપોર્ટ કંપનીની એક ટ્રક થોડા દિવસ અગાઉ શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પરથી પસાર થઈ હતી. મશીનરી ભરેલી આ ટ્રકની ઊંચાઈ અને લંબાઈ મામલે ઓવર સાઈઝનો મેમો ચેકપોસ્ટ તરફથી આપવામાં આવ્યો હતો. ટ્રકના

આધારે તેની ખરાઈ કરવા ટ્રાન્સપોર્ટ કંપનીનો માલિક મેમો લઈને શુક્રવારના રોજ શામળાજી ચેકપોસ્ટ પહોંચ્યો હતો. કંપનીના માલિકે આ મામલે શામળાજી ચેકપોસ્ટના ઈન્ચાર્જનો સંપર્ક કરતાં જાણવા મળ્યું કે મેમોમાં દર્શાવેલા નંબરની કોઈ મેમોબુક જ નથી. આ મામલે તપાસ હાથ ધરતાં એ વાત પણ પ્રકાશમાં આવી કે મેમો પર શામળાજી આરટીઓ ચેકપોસ્ટનો સિક્કો મારવામાં આવ્યો હતો પરંતુ તેની સાથે જે અધિકારીએ સહી કરી છે તે વ્યક્તિ શામળાજી નોકરી કરતી જ નથી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ખડભડાટ મચી ગયો છે. કારણકે દરરોજ હજારોની સંખ્યામાં અહીંથી વાહન પસાર થાય છે ત્યારે નકલી મેમો ફાળવવાની વાતથી મોટા કૌભાંડ તરફ પણ શંકાની સોઈ તણાઈ છે. હાલ આ મામલે પોલીસ ફરિયાદની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનુ જાણવા મળે છે.

અમિત શાહ ૧૦મીએ યુવાનોને સંબોધશે

૧૦૦ સ્થળ પર એક સાથે મોબાઇલ વોટ્સઅપ, ફેસબુક અને ટ્વિટર જેવી સાઇટ મારફતે અરસપરસ સંવાદ અને સંપર્ક માટેનો કાર્યક્રમ

અમદાવાદ, તા. ૨

પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ, પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા અને યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલની ઉપસ્થિતિમાં આગામી ૧૦ સપ્ટેમ્બરે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના યુવાનો સાથે સંવાદના અડીખમ ગુજરાત-અવિરત અડીખમ વિશ્વાસ અભિયાન અંતર્ગત યુવા ટાઉનહોલ કાર્યક્રમને જાહેર કર્યો હતો. વાઘાણીએ આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પત્રકારો સાથે વાતચીતમાં અડીખમ ગુજરાત અભિયાનના કાર્યક્રમની વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા યુવા મોરચા ગુજરાત દ્વારા આયોજીત યુવા ટાઉનહોલ કાર્યક્રમ ૧૦ સપ્ટેમ્બરે અમદાવાદ સ્થિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ, બોડકદેવ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, અમદાવાદ ખાતેથી રાજયના ૧૦૦ સ્થાનો પર ઉપસ્થિત ૧ લાખથી વધુ યુવાનોને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે. અવિરત વિકાસમાં અડીખમ વિશ્વાસ સાથે યુવાનોને ગુજરાત અને દેશની પ્રગતિ અંગે વાત કરશે. છેલ્લા ૨૦ વર્ષથી રાજ્યના વિકાસ સાથે જોડાયેલી રાજ્યની સાડા છ કરોડની જનતાનો વિશ્વાસ ભાજપા સાથે છે. વિકાસની હરણફાળમાં રાજ્યના યુવાનોનું યોગદાન હંમેશા રહેલુ છે. આ યુવાનો આજથી ૧૦ સપ્ટેમ્બર સુધી કમ્યુનિકેશનના વિવિધ માધ્યમોથી રાષ્ટ્રીય યોગદાન હંમેશા

રહેલું છે. આ યુવાનો આજથી ૧૦ સપ્ટેમ્બર સુધી કમ્યુનિકેશનના વિવિધ માધ્યમોથી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ વિવિધ માધ્યમોથી જવાબ આપશે. આ માટે ગુજરાતનો કોઈપણ યુવાન મોબાઈલ નંબર-૭૮૭૮૧૮૨૧૮૨ પર મિસકોલ કરીને અથવા તો વોટ્સઅપના માધ્યમથી, ફેસબુક અને ટ્વીટર પર પ્રશ્નો જણાવી શકશે. વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત અને દેશ જાણે છે કે અવિરત વિકાસ ગુજરાત અને દેશ માટે વિકાસ મોડલ રહ્યું છે. ભાજપાના તત્કાલિન મુખ્યમંત્રીઓ સર્વ કેશુભાઈ પટેલ, નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ અને વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતે અવિરત વિકાસ કર્યો છે. નરેન્દ્ર મોદીએ, જ્યારે શાસન સંભાળ્યું ત્યારથી ગુજરાત વિકાસનું મોંડલ બન્યું છે.

અડીખમ ગુજરાત એ કેન્દ્રની અગાઉની સરકારે ગુજરાતે કરેલા અન્યાયો સામે ગુજરાત અડીખમ ઉભું રહ્યું છે. ગુજરાતના વિકાસમાં યુવાનોએ સારથી તરીકે કામગીરી કરી છે. ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ભુપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીનો ન્યુ ઈન્ડિયાના સંકલ્પ સે સિધ્ધિ માટે યુવાનો સાથે અમિત શાહ સીધો સંવાદ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી ભાજપા સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં સ્ટેન્ડઅપ, સ્ટાર્ટઅપ, ડિઝીટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, મુદ્રા યોજના જેવી અનેકવિધ યુવા પ્રોત્સાહક યોજનાઓ થકી દેશના યુવાનોમાં ગૌરવ અને આત્મવિશ્વાસ વધાર્યો છે. ગુજરાતના વિકાસમાં યુવાનોનો સાથ રહ્યો છે. તેમની કલ્પનાનું ગુજરાત બનાવવા માટે અમિત શાહ સાથે યુવાનો સીધો સંવાદ કરશે. ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ ડૉ.ઋત્વિજ પટેલે રાજયભરમાં એકસાથે ૧૦૦ સ્થાનો પર ૧ લાખ યુવાનો સાથેના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના સંવાદના યુવા ટાઉનહોલ કાર્યક્રમનું પ્રેજનટેશન અને માહિતી આપી હતી. આગામી ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધી દરરોજ અડીખમ ગુજરાત અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો અંગે તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમથી યુવાનોના વિચારોના માધ્યમથી જાણી ગુજરાતના વિકાસની પ્રક્રિયામાં યુવાનોની સહભાગીતા વધશે.

પ્રાંતિજ પાસે નેશનલ હાઈવે પર ખાનગી કંપનીનું બોર્ડ ચર્ચામાં

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ત્રણ રસ્તા પાસે એક ખાનગી કંપનીનું બોર્ડ લાગ્યું છતાં તંત્ર ગૌરનિદ્રામાં છે. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર એક સિમેન્ટની ખાનગી કંપની દ્વારા મસ મોટુ બોર્ડ મારી દેતાં ત્રણ દિવસ થયાં છતાં પણ જેની જવાબદારી છે તે હાઈવે ઓથોરીટી હાલ તો કુંભકર્ણની નિદ્રામાં છે જયારે હાઈવે ઓથોરીટીની જગ્યાએ મસ મોટુ બોર્ડ મારી દેતા હાલ તો એસ.ટી. બસ કે અન્ય વાહનની રાહ જોઈને ઉભેલા લોકોને રોડ ઉપર આવતું વાહન જોવુ હોય તો રોડ ઉપર જઈને જોવું પડે છે અને હાલ બોડ અડચણરૂપ પણ ઉભું થયું છે. ત્યારે કોઈ અકસ્માત સર્જાય તો નવાઈ નહી ત્યારે હાલ તો તંત્ર કોઈ અકસ્માત સર્જાય તેની રાહ જોઈને બેઠું હોય તેવું લાગી રહ્યું છે.

રાહુલના કાર્યક્રમને સફળ બનાવવા કોંગીની કવાયત

રાહુલ ગાંધી સૌને પ્રોત્સાહિત અને માર્ગદર્શિત કરવા આવી રહ્યા છે : રાહુલ ગાંધી કાર્યકરોથી લઇ પ્રોફેશનલ્સને મળશે

અમદાવાદ,તા. ૨

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર તા.૪થી સપ્ટેમ્બરના રાહુલ ગાંધીના કાર્યક્રમને લઈ ગુજરાત કોંગ્રેસની તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. રાહુલ ગાંધીની મુલાકાત અને તા.૪થીના કાર્યક્રમને લઈ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ સ્પષ્ટ કર્યું હતું કે, રાહુલજી કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોને વિધાનસભા ચૂંટણીને લઈ પ્રોત્સાહિત કરવા અને માર્ગદર્શિત કરવા આવી રહ્યા છે. દરમ્યાન કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભાજપ જે યોજનાઓ અને સિધ્ધિઓની વાતો કરે છે તે વાસ્તવમાં કોંગ્રેના કાર્યકાળ દરમ્યાન તેનો પ્રારંભ થયો હતો અને જે કોઈ ઉપલબ્ધિઓ મળી છે તે કોંગ્રેસના સમયગાળામાં જ મળી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તા.૪થી સપ્ટેમ્બરે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પંચાયતી રાજના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનું વિશાળ સંમેલન રાખવામાં આવ્યું છે, જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખાસ હાજર રહેવાના છે. તા.૪થી સપ્ટેમ્બરે રાહુલ ગાંધી સવારે ૧૧-૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી જાય તેવી શકયતા છે. તેમની મુલાકાતને લઈ કોંગ્રેસ દ્વારા અત્યારથી રાજયના જિલ્લા-તાલુકા કક્ષાએથી ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો-નેતાઓને

ખેડબ્રહ્મા તાલુકામાં નકલી તમાકુનું ધૂમ વેચાણ

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકો પછાત અને આદિવાસી તાલુકો છે જેનો વેપારીઓ ગેરલાભ લઈ દુપ્લીકેટ તમાકુનુ ઉત્પાદન કરી વેચાણ કરી રહ્યા છે.

ખેડબ્રહ્મામાં હાલમાં ભાદરવી પૂનમના યાત્રાળુ પગપાળા આવી રહ્યા છે. ત્યારે જલદી પૈસા કમાવવાની લાલચમાં વેપારીઓ દ્વારા ડુપ્લીકેટ તમાકુ બનાવી રહ્યા છે. ખેડબ્રહ્મામાં બનતી તમાકુમાં લાકડાનો વેર નાકવામાં આવી રહ્યો છે અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. તમાકુના પેકીંગમાં કોઈ પેકીંગ તારીખ કે એક્સપાયરી ડેટ હોતી નથી. મન ફાવે તે રીતે પૈસા લઈ લોકોમાં ખુલ્લેઆમ ઝેર પીરસવામાં આવી રહ્યું છે. આ વેપારીઓ વિરૂદ્ધ ઉચ્ચસ્તરેથી તપાસ કરવામાં આવે તો વધુ મોટુ કૌભાંડ બહાર આવે તેમ છે.

નવા રાજ્યપાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી શકે છે. સુત્રોના કહેવા મુજબ સરકારના ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ પોતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ પ્રધાનોના કામકાજ પર નજર રાખી હતી. મોડેથી અમિત શાહની સાથે મળીને તમામની કામગીરી પર ચર્ચા કરી હતી. કેબિનેટ વિસ્તરણ પહેલા કુલ ત્રણ કેટેગરી બનાવવામાં આવી હતી. જેમાં વેરી ગુડ કેટેગરીમાં જે પ્રધાનો રહેશે તેમને પ્રમોશન આપવામાં આવનાર છે. ગુડ કેટેગરીમાં રહેલા પ્રધાનો પોતાના ખાતાને જાળવી રાખશે.

પાંચમી વનડે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીલંકા પર ૪-૦ની લીડ ધરાવે છે. ભારતીય ટીમ જીતના સિલસિલાને જાળવી રાખવા માટે તૈયાર છે. જ્યારે શ્રીલંકા આ મેચમાં લાજ બચાવવા માટે મેદાનમાં ઉતનાર છે. શ્રીલંકાની ટીમ વન ડે રેન્કિંગમાં હાલ આઠમા ક્રમાંકે ફેકાઈ ગઈ છે. વર્ષ ૨૦૧૪માં બન્ને દેશો વચ્ચે છેલ્લે વનડે શ્રેણી રમાઈ હતી. જેમાં ભારતે શ્રેણી ૫-૦થી જીતી લીધી હતી. આ શ્રેણીમાં પણ વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ આવો જ ઈરાદો ધરાવે છે. ભારતે શ્રીલંકાનો છેલ્લે ૨૦૧૫માં પ્રવાસ કર્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પાકિસ્તાન સામે હાર થયા બાદ ભારતીય ચાહકો નિરાશ થયા હતા.

ભોગ લીધો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપર્ક કરતાં તેના કાકા આવ્યા હતા અને તેમને સમગ્ર હકીકતથી વાકેફ કરી મુદ્દામાલ સોંપ્યો હતો. મરનાર યુવક અશોક માલુણા બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના માલણ ગામનો વાતની હતો અને તેણે ધોરણ-૧૨ સુધી અભ્યાસ કર્યો હતો. તેના પિતાનું વર્ષો પહેલા નિધન થયું હતું. યુવક તેની વિધવા માતાનો એકનો એક પુત્ર અને ચાર બહેનો વચ્ચે એકનો એક ભાઈ હતો. તેની આત્મહત્યાને પગલે પરિવારજનો પર જાણે આભ તૂટી પડયું છે, તો સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકનો માતમ પથરાઈ ગયો છે. વિશ્વભરમાં મોટી સંખ્યામાં લોકોના મોત આના કારણે થઈ ચુક્યા છે. બ્લુ વ્હેલ ચેલેન્જ જેવી ઓનલાઈન ગેમના કારણે વિશ્વના દેશો હચમચી ઉઠ્યા છે. મોતનો આંકડો પણ વધી રહ્યો છે. ભારતમાં પણ આ પ્રકારના કેસ વધી રહ્યા છે. ૩૦મી ઓગસ્ટના દિવસે કોલેજના વિદ્યાર્થીએ આપઘાત કર્યા બાદ ચકચાર મચી ગઈ છે. આગામી દિવસોમાં બ્યુ વ્હેલ સામે કઠોર કાર્યવાહી કરવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. પાલનપુરના માલણ ગામના અશોક માલુણા નામના યુવકે અમદાવાદમાં આવી સાબરમતી નદીમાં ઝંપલાવી મોત વ્હાલ કરતા કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યો પર ગેમ પર પ્રતિબંધ મુકવાનુ દબાણ વધી રહ્યુ છે.

ફુંકાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકથી વધારે પ્રભાવિત શ્રીનગર, અનંતનાગ અને સોપોરમાં યુવાનોએ સેના પર પથ્થરમારો કર્યો હોવાના અહેવાલ છે. શ્રીનગર પઠાણ ચોકમાં શુક્રવારે આતંકવાદીઓએ પોલીસની બસ પર હુમલો કર્યો હતો. હુમલામાં એક પોલીસ જવાન શહીદ થયો હતો જ્યારે ત્રણ અન્યને ઈજા પહોંચી હતી. ઘટના શ્રીનગર જમ્મુ હાઈવે પર બની હતી. શુક્રવારે સાંજે જમ્મુ કશ્મીર પોલીસના સશસ્ત્ર જવાનોને લઈને બસ પસાર થઈ હતી ત્યારે આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ બાજુ પુંછમાં પાકિસ્તાને સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું. પાક રેન્જર્સના ફાયરિંગમાં બીએસએફનો એક સબ ઈન્સ્પેક્ટર શહીદ થઈ ગયો. હુમલામાં ઘાયલ થયેલા ચાર પોલીસ જવાનોને તાબડતોડ આર્મીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં હેડ કોન્સ્ટેબલ કૃષ્ણલાલનું સારવાર દરમ્યાન મૃત્યું થયું હતું.

વરસાદી વાદળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસતા થોડીવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોમાં કોમન પ્લોટ તેમજ આંતરિક માર્ગો પર વરસાદી પાણી સુકાતા નથી. જેના લીધે મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ વધી ગયા છે. ભેજવાળા વાતાવરણના લીધે રોગચાળાનો ખતરો બવેડાયો છે. વરસાદનો મિજાજ યથાવત છે. ભાદરવામાં આકરા તાપના બદલે વરસાદી માહોલે નગરને બાનમાં લેતા નગરજનો વરસાદી વાયરાથી હવે તોબા પોકારી ગયા છે. સેકટરોમાં રહીશોના ઘર આંગણે તરવરતી વરસાદી સમસ્યા પણ આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે.

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"આટલો બધો આવેશમાં ના આવી જા ભાઈ..! હજુ તો.."

"અરે... સાહેબ માથા પછાડવાનુ મન થાય છે... દાટ વળી ગ્યો છે દાટ..! શિક્ષણ હવે ડીગ્રીઓના કારખાના બન્યા છે કારખાના... જીવન ઘડતરની તો વાત જ ક્યાં છે સાહેબ..!?! અને એવું હોત તો આજે આ નોબત ના આવી હોત..!!"

"ધીરો પડ ભાઈ ધીરો પડ..!! જોયું નહિ હમણાં શિક્ષણમાં પરિવર્તન માટે કેટલી બધી શિબિરો યોજાઈ..?! અને પેલો ગુણોત્સવ અને પ્રવેશોત્સવથી કેટલો બધો ફેર પડી ગયો..!?!"

"સાહેબ ના બોલાવો તો સારૂ... એ વાત આપણે પછી ક્યારેક કરીશુ પણ આજે તો મારે તમને એ કહેવું છે કે તમારી સરકારમાં મોટી વગ છે... તો આ ખતરનાક સોશ્યલ મીડીયાની ગેઈમ આપણા રાજ્ય કે દેશમાં ન ડાઉનલોડ થાય એવું જે કરવું પડે તે કરવાની વાત કરો ને..! સમજાવો પુણ્ય મળશે તમને..!"

"હા... ભાઈ... હા... હું સંમત છું... કે ગુજરાતના યુવાનોના જીવન સાથે કે કોઈની લાગણીઓ સાથે ખતરનાક ખેલવાળી ગેઈમ બંધ કરવા પ્રજા જાગૃત બને... સરકાર સક્રિય બને... અને મા-બાપો સતર્ક બને તો 'ગેઈમની ગેઈમ' પડી જાય..!"

"સાહેબ... હું તો દરેક મા-બાપને અપીલ કરૂ છુ કે તમારા સંતાનો કઈ ગેઈમ રમે છે..?! એનું ધ્યાન રાખવુ જોઈએ... સમજાવવા જોઈએ... નહિ તો ધમકાવવા જોઈએ.... નહિ તો આ સ્માર્ટ ફોનની લાયમાં આપણો સમજદાર સમાજ ડોબો પુરવાર થશે..!!"

- નિમિત્ત માત્ર

નવોદિત કોલમ

● ૪ પાનાનું ચાલુ...

બને. પરંતુ આપણે મોટાંઓ - માતાપિતા અને શિક્ષકો - આને માટે જવાબદાર છીએ જેમ એક ઝાડમાં પચાસ ફુટ ઊંચા થવાની અને અસંખ્ય ફળો આપવાની ક્ષમતા હોય પરંતુ આપણે તેનાં અંકુર જમીનમાંથી બહાર નીકળે, ત્યારથી તેનાં માટે ટોપલો ઢાંકી રાખીએ, ગંદુ પાણી ક્યારામાં ભરેલું રાખીએ, કદી ખાતર ન નાખીએ, આસપાસ ધુમાડો કર્યે રાખીએ તો એ વૃક્ષ વધે નહીં. તેની વૃદ્ધિ ઠીગરાઈ જાય. તેનું કદ તો કદાચ વધે. ડાળાં - પાંદડા પણ આવે, પરંતુ પચાસ ફૂટ ને બદલે વીસ ફૂટનું થઈને ઊભું રહે, અસંખ્ય ફળોને બદલે બસો પાંચમો ફળો આપે અને એ ફળોની મીઠાશ સામાન્ય હોય. આસપાસમાં પંદર ફૂટ ઊંચા જ વૃક્ષો હોય. એટલે આપણે વીસ ફૂટમાં તો પોરસાઈ જઈને પરંતુ તેમની ક્ષમતાને આપણે કેટલી કેટલી ગૂંગળાવી દીધી છે. તેનો આપણને કેદી ખ્યાલ જ આવે નહીં.

આપણાં બાળકોનો સોળ વર્ષની ઉંમરે પરાક્રમી અને વિદ્વાન બનવાનો અધિકાર છે. આપણે મા-બાપ ઊઠીને તેઓ જયારે આપણને જ આધીન છે. ત્યારે એ અધિકાર છીનવી લઈએ છીએ. આપણે આપણી નવી પેઢીનો કેવડો મોટો અપરાધ કરી રહ્યા છીએ ! તેઓ આપણને શા માટે માફ કરે?

મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

અને ગુજરાતી કરતાંય હિંદી – ઉર્દૂમાં વધુ મૂલ્યવાન ને ઉચ્ચકોટિનું સાહિત્ય રચાયું છે. ગઝલો રચાઈ છે. ઘણા એડમીનો પોતાને મોટા સંત કે મહાત્મા કે સમાજ ઉધ્ધારક માનીને બધા સભ્યોને સલાહ સૂચન દેતા હોય છે. જો કે આવા ગ્રુપોનો ફાયદો એ છે કે એમાં બિનજરૂરી કચરો આવતો નથી. પણ કવિતાના નામે જોડકણાં, ફોડકણાં ને રોડકણાં ખુબ રજુ થાય છે અને પાછું ગ્રુપમાં એની વાહવાહ થાય ત્યારે આપણી અંદર રહેલો ક્રાંતિકારી આત્મા એકદમ ઉભો થઈ જાય છે. આવા ગ્રુપોને કારણે આજે ઘેર ઘેર કવિઓ – કવયિત્રીઓ થઈ ગયા છે. પુરુષોની સ્ત્રીદાક્ષિણ્યવૃત્તિને કારણે બહેનોની જોડકણા કરતાંય ઉતરતા કક્ષાના" રોડકણાં" ને પણ અસંખ્ય વાહવાહી મળતી હોય છે. અને પાછા માત્ર સ્ત્રીદાક્ષિણ્યભાવનાથી છલોછલ ભરેલા પુરુષો આવા 'રોડકણાં'ને શ્રેષ્ઠ ઉત્તમ કાવ્યોના બિરૂદો આપીને આવાનું પુસ્તક છપાવવાનું સૂચન કરે છે અને પેલા બહેન બિચારા કવયિત્રી કે લેખિકાની પ્રસિદ્ધિ માટે ૨૫/૫૦ હજાર રૂપિયાનો ખર્ચ કરીને પુસ્તક છપાવી નાખે છે. આજે વૉટ્સઅપ પર આવા અનેક ભ્રમિત કવિ કવયિત્રીઓ કે લેખક લેખિકાઓ ખુબ જ સક્રિય છે.

મિત્રો, જેવી રીતે મંદિરોમાં, ઓફિસોમાં, સ્કૂલો કે કોલેજોમાં, પ્રસંગોમાં સ્વયમ શિસ્ત અને સંયમ જરૂરી છે. તેમ હવે વૉટ્સઅપમાં પણ સ્વયમ શિસ્ત અને સંયમ જરૂરી છે. વૉટ્સઅપનો ઉપયોજ જરૂર પુરતો જ કરવો જોઈએ. જો અત્યારથી આપણે ચેતી નહી જઈએ તો આવતા પાંચ દસ વર્ષમાં આપણી પેઢી એકદમ માનસિક રોગી અને એબ્સર્ડ બની ગઈ હશે. જેમાં આપણા જ સંતાનો હશે. તેથી બને એટલો વૉટ્સઅપનો ઉપયોગ ઓછો કરો અને સંબંધ, પરિવાર, સંસ્કાર અને સમયને બચાવીને સમૃદ્ધ બનો.

9426060601.india@gmail.com

રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

એના જ જોરે સમ્પતિ એકઠી કરીને બાહુબલી બની જતા આવા બાબાઓની પાપલીલા બહાર આવે ત્યારે સૌથી વધુ ધક્કો એ છેવાડે રહેલા સામાન્ય ભાવકને જ લાગવાનો એ નક્કી છે. પાખંડી બાબાઓનું આ ચક્ર શું અટકી જવાનું ? મારા હિસાબે તો નહી. રામરહીમ, આશારામ, નિર્મલબાબા, નિત્યાનંદ.. આ લીસ્ટ આમાં જ લંબાતું જવાનું કેમકે જ્યાં સુધી 'લીલી ચટણી' થી સર્વે દુખો ભાગે નહિ... જ્યાં સુધી 'મેસેન્જર ઓફ ગોડ' જોવાથી ધર્મ ના સમજાય એવી સુક્ષ્મ સમજ નહિ આવે...જ્યાં સુધી આડંબર, ચમકદમક, લાલચ કે લોભ વગર ખરેખર કોઈ આસ્થા કે ગુરુ ને માનવામાં નહિ આવે... જ્યાં સુધી સમાજમાં રહેલી અસમાનતા, ભેદભાવો અને તાત્કાલિક ધાર્મિક ફાયદાઓ નહિ જોવાય ત્યાં સુધી આવા ગુરમીતો એક જશે ને બીજા આવતા જ રહેવાના....!

રાજ્યમાં બીજા તબક્કાનો યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ

મોડાસા, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક સંવેદનશીલ અને વહીવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટીતંત્રમાં વધારાની વ્યવસ્થા તરીકે રાજ્યના નાગરીકોને સ્પર્શતી વ્યક્તિગત રજૂઆતોની સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે પ્રાંત કક્ષાનો તાલુકા વાઈઝ પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવા રાજ્ય સરકારે ઠરાવેલ છે જે અન્વયે મોડાસા, ભીલોડા અને બાયડ તાલુકાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ તા. ૧-૯-૨૭, શુક્રવારના રોજ સવારે ૯ કલાકે યોજ્યો હતો.

આ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં મોડાસા, ભિલોડા, બાયડ આમ ત્રણેય તાલુકાની ૨૮૩૭૮નો હકારાત્મક પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ જિલ્લાના અધિકારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

મોટા ડોડીસરા પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને તિથી ભોજન અપાયું

અરવલ્લી જીલ્લા શિક્ષણ સમિતી સંચાલિત મોટા ડોડીસરા ગામની મોટા ડોડીસરા પ્રાથમીક શાળામાં ઉ.શિ.સવિતાબેન કે.વરસાત ધ્વારા વિદ્યાર્થીઓને તિથી ભોજન આપવામાં આવતાં વિદ્યાથી બાળકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.સી.આર.સી.કો.ઓ.રાયપુર રશ્મીનભાઈ પંચાલ ધ્વારા ઉ.શિ.સેવાભાવી સવિતાબેનને બિરદાવ્યા હતા.